પાકિસ્તાનના વિચિત્ર કાયદાઓ



ઘટ ઘટ પાની

★ માવજી મહેશ્વરી

જગતના તમામ દેશો પોતાની વ્યવસ્થા સુચારુ ચાલે તે માટે કાયદાઓ બનાવે છે. આ સમયમાં વિચિત્ર કહી શકાય તેના કાયદાઓ આપણા પાડોશી દેશ પાકિસ્તાનમાં છે. કેટલાક કાયદાઓ તો હસવું આવે તેવા છે. પાકિસ્તાનની પ્રજાએ અમુક કાયદાઓનો વિરોધ કર્યો છે, છતાં એ કાયદાઓ અમલમાં છે.

પાકિસ્તાનમાં ત્રણ જાતના કાનૂન બનાવવામાં આવે છે. પેનલ કોડ, શરિયત કાનૂન અને ચીરકા કાનૂન. પાકિસ્તાનના સરકાર દ્વારા બનેલા કેટલાક કાયદાઓ એટલા વિચિત્ર છે કે નવાઈ લાગે સાથે હસવું પણ આવે. આપણા દેશમાં લોકતંત્ર છે, વિચારોની અભિવ્યક્તિની છૂટ છે. આપણા દેશમાં પ્રધાનમંત્રી સહિતના નેતાઓના વિચારોનો વિરોધ કરી શકાય છે, પણ પાકિસ્તાનમાં કોઈ પણ નાગરિક પોતાના પ્રધાનમંત્રી કે સરકારી અધિકારીની મજાક કરી શકતા નથી. એટલું જ નહીં પાકિસ્તાનની સેના સામે કશું બોલવું એ ગેરકાનૂની માનવામાં આવે છે અને બોલનાર સામે પાંચ વર્ષની જેલની સજાની જોગવાઈ પણ છે. પહેલા આ કાનૂન સામે ત્રણ વર્ષની સજા હતી જે વધારીને પાંચ વર્ષની કરવામાં આવી છે. પાકિસ્તાનમાં એક એવો કાયદો પણ છે જે જાણીને બુદ્ધિ ચકરાઈ જાય. પાકિસ્તાનમાં પ્રધાનમંત્રી બનવા માટે ભણતરની જરૂર જ નથી. સાવ અભણ માણસ પણ પ્રધાનમંત્રી બની શકે છે. નવાઈની વાત એ છે કે પાકિસ્તાનમાં પટાવાળાની નોકરી માટે લઘુતમ શિક્ષણ દસ ધોરણનું છે. આજે દુનિયાના તમામ દેશો શિક્ષણને મહત્વ આપી રહ્યા છે. તેમ છતાં પાકિસ્તાન સિવાય કોઈ દેશ શિક્ષણ ઉપર ટેક્ષ લેતો નથી. પાકિસ્તાનમાં કોઈ નાગરિક શિક્ષણ માટે વર્ષે બે લાખનો ખર્ચ કરે છે તો સરકારને તે ખર્ચના પાંચ ટકા ટેક્ષ આપવો પડે છે. આ કાનૂન સામે પાકિસ્તાનની પ્રજા દ્વારા અનેકવાર વિરોધ કરવામાં આવ્યો છે છતાં સરકારે નમતું આપ્યું નથી. આને કારણે પાકિસ્તાનમાં ઉચ્ચ શિક્ષણમાં ઘણું પાછળ છે.

પાકિસ્તાનમાં એક કાનૂન એવો પણ છે કે કોઈ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિની રજા વગર તેના ફોનને અડી પણ શકતો નથી. આને પાકિસ્તાનમાં નિષ્ઠાનો દ્રોહ માનવામાં આવે છે. આ નિયમ અંતર્ગત પતિ કે પત્ની પણ રજા વગર એકબીજા ફોન જોઈ શકતા નથી. જો એવું થાય છે તો પોલીસમાં ફરિયાદ કરી શકે છે અને એના માટે છ મહિનાની જેલ થઈ શકે છે. મોબાઈલ ફોન સાથે જોડાયેલો બીજો કાયદો એવો છે કે કોઈ વ્યક્તિને સ્પેમ મેસેજ મોકલવો કાનૂની અપરાધ છે. જો કોઈ વ્યક્તિ આવું કરે છે તો તેના પર દસ લાખ રૂપિયા સુધીનો દંડ થઈ શકે છે. ઈન્ટરનેટનો ઉપયોગ કરવામાં પાકિસ્તાન ટોપ ૧૦ દેશોની સૂચીમાં આવે છે, જેમા સૌથી વધુ પોર્ન સાઈટ જોવાય છે. પાકિસ્તાનમાં છોકરો અને છોકરી લગ્ન પહેલા એકબીજા સાથે રહી શકતા નથી. લીવ ઈન રીલેશનશીપ પાકિસ્તાનમાં ગેરકાનૂની છે. પુખ્ત વયના યુવક યુવતીના લગ્ન થયા ન હોય તો હાથમાં હાથ નાખીને ફરી શકતા નથી. વેલેન્ટાઈન ડેના રોજ આખા પાકિસ્તાનમાં ખાસ પોલીસ વ્યવસ્થા કરવામાં આવે છે. બે વર્ષ પહેલા એક કોલેજે એવું ફરમાન બહાર પાડ્યું હતું કે વેલેન્ટાઈન ડેના છોકરો અને છોકરીએ એકબીજાથી બે મીટર દૂર રહેવું. એટલું જ નહીં કોલેજની બધી જ છોકરીઓ હિજાબ પહેરીને આવશે અને છોકરાઓ નમાજી ટોપી. થોડા વર્ષ પહેલા પાકિસ્તાનાના સિંધ પ્રાંતના નેતાઓનો આગ્રહ હતો કે દેશમાં એવો કાનૂન બનાવવો જોઈએ કે અઢાર વર્ષના થતાં જ બધી છોકરીઓ અને છોકરાના લગ્ન કરાવી દેવા જોઈએ. નેતાઓનું કહેવું હતું કે આનાથી સમાજ સુધારની દિશામાં મહત્વનું પગલું હશે. જોકે આ બિલની પાકિસ્તાની લોકોએ ખાસ્સી મજાક કરી હતી.

પાકિસ્તાનમાં એક કાનૂન એવો પણ છે કે કોઈ વ્યક્તિ અન્ય કોઈ વ્યક્તિની રજા વગર તેના ફોનને અડી પણ શકતો નથી. આને પાકિસ્તાનમાં નિષ્ઠાનો દ્રોહ માનવામાં આવે છે. આ નિયમ અંતર્ગત પતિ કે પત્ની પણ રજા વગર એકબીજા ફોન જોઈ શકતા નથી

પાકિસ્તાનનો કોઈ નાગરિક ઈઝરાયલ જઈ શકતો નથી. પાકિસ્તાની પાસપોર્ટ ઈઝરાયલ માટે અમાન્ય છે. એટલું જ નહીં પાકિસ્તાન ઈઝરાયલને દેશ જ માનતું નથી. ઈઝરાયલમાં પાકિસ્તાનની એમ્બેસી જ નથી. પાકિસ્તાનના નેતાઓ, ખેલાડીઓ તેમજ મિડિયા પર્સન પણ ઈઝરાયલ જઈ શકતા નથી. પાકિસ્તાનમાં એક એવો કાયદો પણ છે કે કોઈ પણ નાગરિક અલ્લાહ, નબી, મસ્જિદ અને રસૂલ શબ્દનો અંગ્રેજીમાં અનુવાદ કરી શકતા નથી. એવી જ રીતે પાકિસ્તાનમાં કોઈ વ્યક્તિને 'ગૂડ બાય' પણ કહી શકતા નથી. તેમ કરવું ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડવા બરાબર છે. આખા રમજાન મહિના દરમિયાન કોઈ વ્યક્તિ ઘરની બહાર કશું ખાઈ શકતો નથી. હોટેલ, ઢાબા, લારીઓ બધું જ રમજાન દરમિયાન બંધ રહે છે. આ નિયમ ફક્ત મુસ્લિમો માટે જ નથી, અન્ય ધર્મના લોકોએ પણ આ નિયમ પાળવો પડે છે. આવા હાસ્યાસ્પદ કાનૂનો થકી જ પાકિસ્તાન પ્રગતિ કરી શકતું નથી. વિશ્વમાં પાકિસ્તાનની છાપ ગરીબ, વ્યવસ્થા વગરનો અને આતંકવાદને પોષતા દેશની છે. વિશ્વમાં કુલ ૧૯૫ દેશ છે. આ તમામ દેશોમાં જાત જાતના કાયદાઓ છે. જોકે ભારત દેશમાં હજુ સુધી કોઈ એવી સરકાર આવી નથી જેણે હાસ્યાસ્પદ કાયદાઓ બનાવ્યા હોય.

પાણીનું ટીપું ગોળ જ કેમ હોય છે? ચોરસ કે ત્રિકોણ કેમ નહીં

આપણે રોજ પાણીના ટીપા જોઈએ છીએ - વરસાદના ટીપા, પાન પર પડતી ઓસ, નળમાંથી પડતું પાણી કે કાચ પર બનેલા નાના-નાના ટીપા. જો ધ્યાનથી જુઓ તો દરેક ટીપા ગોળ કે લગભગ ગોળાકાર જ હોય છે. ક્યારેય કોઈ ચોરસ, ત્રિકોણ કે આયતાકાર ટીપા જોવા મળતી નથી. તો આવું કેમ થાય છે? શું પાણીના ટીપાને ગોળ શેપ લેવા માટે કોઈ ખાસ નિયમ છે?

આનો જવાબ છુપાયેલો છે ભૌતિકશાસ્ત્ર અને રસાયણશાસ્ત્રના એક રસપ્રદ સિદ્ધાંતમાં - સરફેસ ટેન્શન (Surface Tension) માં. પાણીના અણુઓ (H_2O) એકબીજાથી મજબૂત રીતે જોડાયેલા હોય છે. આને કોહેસિવ ફોર્સ (Cohesive Force) કહે છે. અંદરના અણુઓ ચારેય બાજુથી ખેંચાતા હોય છે, પણ સપાટી પરના અણુઓ ફક્ત નીચે અને બાજુના અણુઓથી ખેંચાય છે, ઉપરથી કોઈ ખેંચાણ નથી. એટલે સપાટી પરના અણુઓ અંદર તરફ ખેંચાવા લાગે છે. આ કારણે પાણીની સપાટી પર એક તણાયેલ પડ

જવું લાગે છે. આ તણાવ પાણીને ઓછામાં ઓછી સપાટી બનાવવા માટે મજબૂર કરે છે. જ્યોમેટ્રી પ્રમાણે, કોઈ પણ નિશ્ચિત વોલ્યુમ માટે સૌથી ઓછી સપાટી ગોળ (Sphere)ની હોય છે. એટલે પાણીના નાના ટીપા સંપૂર્ણપણે ગોળાકાર બની જાય છે. જો ટીપા ચોરસ કે ત્રિકોણ હોય તો તેની સપાટી વધારે થાય, જેના કારણે સરફેસ ટેન્શનને વધારે ઊર્જા ખર્ચવી પડે. કુદરત હંમેશાં ઓછી ઊર્જાવાળો રસ્તો પસંદ કરે છે, એટલે ગોળ શેપ સૌથી યોગ્ય છે. પાન પર કે કાચ પર બનેલા ટીપા પણ આ જ કારણસર ગોળ દેખાય છે. જો પાનની સપાટી હાઈડ્રોફોબિક (પાણી દૂર રાખતી) હોય, જેમ કે કમળનું પાન, તો ટીપા વધુ પરફેક્ટ ગોળ બને છે.

ખૂબ નાના ટીપા (1-2 મિલીમીટરથી ઓછા) લગભગ સંપૂર્ણ ગોળ હોય છે. પણ જેમ જેમ ટીપાનું કદ વધે છે, તેમ ગ્રાવિટી (Gravity)ની અસર વધે છે. આ કારણે ટીપા નીચે તરફ ખેંચાય છે. એટલે મોટા વરસાદના ટીપા ઉપરથી ગોળ અને નીચે થોડા ચપટા (Hamburger shape) બની જાય છે. જો ટીપા વધુ મોટા (4.5 mmથી વધારે) થઈ જાય તો ગ્રાવિટી એટલી મજબૂત થઈ જાય છે કે ટીપા તૂટીને નાના-નાના ટીપામાં વિભાજિત થઈ જાય છે.